# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-12-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# OPERATION MULE HUNT

સાયબર ગુનેગારો સામે ગુજરાત પોલીસે શરૂ કરેલ “ઓપરેશન મ્યુલ હન્ટ” હેઠળ 534 ફરિયાદ નોંધી 489 આરોપીની ધરપકડ કરવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું, પોલીસ તપાસમાં 3 હજાર 422 ગુનાનો પર્દાફાશ થયો છે. દરમિયાન કુલ એક હજાર 708 કરોડ રૂપિયાની છેતરપિંડીમાં 771 મ્યુલ અકાઉન્ટ સામે કાર્યવાહી કરવામાં આવી છે. આ ઓપરેશનના પરિણામે નાણાકીય ગુનાઓની તપાસ અને નિયંત્રણમાં ગુજરાત પોલીસને મહત્વપૂર્ણ સફળતા મળી છે.

. . . . . . . . . . . . . .

# ARVALLI SASHAKT NARI

કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે અરવલ્લી જિલ્લાના મોડાસામાં સશક્ત નારી મેળાને ખુલ્લો મુક્યો. શહેરના ઉમિયા મંદિર મેદાનમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ સખી મંડળના સ્ટોલ ઊભા કરાયા જેમાં ઓર્ગેનિક શાકભાજી, કેન્ડલ મેઈકિંગ, ભરતકામ, જ્વેલરી સહિતની વિવિધ ચીજવસ્તુઓ જોવા મળી હતી. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું, સખી મંડળો માટે સરકાર પ્રયત્નશીલ છે.

(બાઈટ : ઋષિકેશ પટેલ, મંત્રી)

. . . . . . . . . . . . .

# GOVERNOR PANCHAMAHAL

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પંચમહાલ જિલ્લાના તાજપુરા સ્થિત શ્રી નારાયણ ગીર ગૌશાળામાં નિર્મિત જીવામૃત અને ઘનજીવામૃત ઉત્પાદન કેન્દ્રનું આજે લોકાર્પણ કર્યું. દરમિયાન તેમણે ગૌ સંવર્ધન અંગે માર્ગદર્શન પણ આપ્યું. આ કેન્દ્ર પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને વ્યાજબી ભાવે જીવામૃત અને ઘન જીવામૃત મળતા પ્રાકૃતિક કૃષિનો ફેલાવો ઝડપથી થશે તેવો વિશ્વાસ શ્રી દેવવ્રતે વ્યક્ત કર્યો હતો.

. . . . . . . . . . . . .

# SURENDRANAGAR LAKDA

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાના નાયબ કલેકટર એચ. ટી. મકવાણાએ ગેરકાયદેસર લાકડાની હેરફેર કરતા 15 વાહનો ઝડપી પાડયા છે. ચોટીલા – રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર જિલ્લા તંત્રની ટીમ ચેકિંગ કરી રહી હતી તે દરમિયાન આ કાર્યવાહી કરી વાહન માલિક અને વાહનચાલક વિરુદ્ધ સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન ધારો ૧૯૫૧ અંતર્ગત નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરી હોવાનું શ્રી મકવાણાએ જણાવ્યું.

(બાઈટ :એચ ટી મકવાણા, નાયબ કલેકટર ચોટીલા )

. . . . . . . . . . . . .

# MAHISAGAR KAMLA CASE

મહીસાગર જિલ્લાના બાલાસિનોરમાં કમળાના કેસ સામે આવતા 26 જેટલા આંગણવાડી કેન્દ્ર આજથી બંધ કરવા જિલ્લા કલેકટરે આદેશ આપ્યો છે. શહેરમાં આવેલા તમામ R.O  પ્લાન્ટ પણ બંધ કરાયા છે. આરોગ્ય વિભાગની 12 જેટલી ટુકડી દ્વારા સર્વે અને સારવાર શરૂ કરાઇ હોવાનું ચીફ ઓફિસર મિલાપ પટેલે જણાવ્યું.

(બાઇટ : મિલાપ પટેલ...ચીફ ઓફિસર નગરપાલિકા બાલાસિનોર)

. . . . . . . . . . . . .

# GIRSOMNATH SEMINAR

સોમનાથ ખાતે 'ગુજરાતના મત્સ્યોદ્યોગ ક્ષેત્રની સંપૂર્ણ સંભાવનાનો ઉપયોગ' વિષય પર રાષ્ટ્રીય કક્ષાનો સેમિનાર યોજાયો. આ પ્રસંગે કૃષિ અને મત્સ્યોદ્યોગ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું, સમયાનુકૂળ પરિવર્તન કરી મત્સ્યોદ્યોગ ક્ષેત્રને વિકાસની કડીમાં સહભાગી બનાવાશે. તેમણે

મત્સ્યસંપદાને 'માઈન્ડ ટૂ માર્કેટ'ના ખ્યાલ સાથે કદમ મિલાવવા અનુરોધ કર્યો હતો.

. . . . . . . . . . . . . .

# ANAND GODHRA TRAIN

હવે આણંદ-ગોધરા રેલવે સેક્શન પર 110 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ટ્રેન દોડશે. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાએ જણાવ્યું, આણંદ-ગોધરા સેક્શનની કુલ લંબાઈ 78 કિલોમીટર છે. અગાઉ સમારકામના લીધે ગતિ મર્યાદા નિયત કરાઈ હતી જ્યારે હવે ગતિ મર્યાદા હટાવતા ટ્રેન વધુ ઝડપથી દોડાવાશે. ગતિમાં વધારો થતાં મુસાફરીનો સમય ઓછો થશે અને મુસાફરોને ટ્રેનોના સુગમ સંચાલન અને સેવાઓની વધુ વિશ્વસનીયતાનો લાભ મળશે.

. . . . . . . . . . . . . .

# MAHESANA-BETHAK

મહેસાણા જિલ્લા પંચાયતની કારોબારીની બેઠક યોજાઇ હતી. જેમાં જિલ્લાની તમામ શાળાના એલર્જીની તકલીફવાળા બાળકો માટે ઈન્હેલર પંપ ખરીદવા માટે 9 લાખ રૂપિયા મંજૂર કરાયા હતા. જિલ્લાના 600 ગામોમાં સર્વે કર્યા બાદ જે ગામોમાં ચોમાસામાં જાહેર માર્ગો ઉપર વધુ પાણી ભરાઈ રહે છે, ત્યાં ડી વોટરલીય પંપ પણ આપવામાં આવશે.

. . . . . . . . . . . .